# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**કચેરી હસ્તકના વાહનોની કાળજી લેવા બાબત....**

## પરીપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ ડીનશ્રીઓ/પ્રિન્સીપાલશ્રીઓ તથા યુનિટ/સબ-યુનિટ વડાશ્રીઓને જણાવવાનું કે આપના હસ્તકની કચેરીઓમાં વિદ્યાર્થીઓના અભ્યાસ તેમજ અધ્યાપકોને સોપવામાં આવતી પરીક્ષાલક્ષી કામગીરી સુચારૂરૂપે થાય તે હેતુસર યુનિવર્સિટી તરફથી વાહન (બસ/જીપ) ફાળવવામાં આવે છે.

આ અંગે માન. કુલપતિશ્રીને ધ્યાને આવેલ છે કે, અમુક વિભાગો/કોલેજો હસ્તકના વાહનોની સાર સંભાળ તેમજ મરામતની યોગ્ય કાળજી ન લેવાને કારણે રસ્તા પર અવાર-નવાર વાહન બંધ થવાથી હાલાકીનો સામનો કરવો પડે છે અને સમય-મર્યાદામાં જે તે સ્થળે પહોચી ન શકવાને કારણે સમય તથા શકિતનો વ્યય થાય છે. જેથી આપશ્રીના હસ્તકની બસોને મરામત કરાવવી તેમજ વખતો-વખત વાહનની અંગત સાર-સંભાળ લેવા તથા બસ/જીપનો વીમો/પી.યુ.સી. સર્ટીફિકેટ/રોડ ટેક્સ/FASTAG રીચાર્જ જેવી બાબતોનું ખાસ ધ્યાન રાખવા તાકીદ કરવામાં આવે છે. આ અંગે થયેલ કાર્યવાહીનો રીપોર્ટ અત્રેની કચેરીને દિન-૧૫ માં મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રવાસ દરમ્યાન રસ્તામાં વાહન ખોટવાઇ તો હાલાકીનો સામનો ન કરવો પડે અને યુનિવર્સિટીની કામગીરી સુચારૂ રૂપે પુર્ણ થઇ શકે.

સદર પરીપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કુલસચિવ

**જા.નં આકૃયુ/રજી/સંકલન/૩૫૧૦/૨૦૨૨**
**તા. ૦૭/૦૬/૨૦૨૨**
**નકલ સવિનય રવાના:**

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ/આચાર્ય અને વિદ્યાશાખાદયક્ષશ્રીઓ તરફ જાણ તથા અમલ સારૂ.

૨. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ સારૂ.